ઈન્ફર્મેશન ટેકનોલોજી કાર્યક્રમના અમલીકરણ માટે વિભાગ તથા ખાતાના વડાઓની એક જ અને સંયુકત આઈ.ટી. સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ મકમ-૧૦૨૦૧૮-આઇ.ટી.કમીટી-છ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૫-૦૫-૨૦૧૮

વંચાણે લીધાઃ-

(૧) વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગનો તા.૩૦-૭-૨૦૦૪નો ઠરાવ ક્રમાંકઃ ટીએસપી-૨૦૦૪-૮૦૮-ડીએસટી

(૨) વિભાગનો તા.૧૧/ ૪/ ૨૦૦૭નો ઠરાવ ક્રમાંકઃ આઈટીપી-૧૦૨૦૦૩-કમીટી-ક

(૩) વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગનો તા.૧૮-૫-૨૦૧૨નો ઠરાવ ક્રમાંકઃ ટીએસપી-૨૦૦૪-૮૦૮-ડીએસટી

(૪) કમિશ્નર, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૧૮-૨-૨૦૧૫નો કચેરી હુકમ ક્રમાંકઃ ડબલ્યુસીડી/ આઈસીડીએસ/રિ-એચઓડી/આઈટી કમિટી ૪૮૦૨-૧૬

(૫) વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગનો તા.૨૨-૧૧-૨૦૧૬નો ઠરાવ ક્રમાંકઃ એસપીસી/૧૦૨૦૧૧/૧૧૩૬/(૮૪)/ આઈ.ટી.(પાર્ટ ફાઇલ)

(૬) વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગનો તા.૨૩-૦૨-૨૦૧૧નો ઠરાવ ક્રમાંકઃ ટીએસપી/૧૦૨૦૦૪/૮૦૮/ડીએસટી

આમુખઃ-

વંચાણે લીધા ક્રમ-૧ના વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગના તા.૩૦-૭-૨૦૦૪ના ઠરાવની સૂચનાઓ અન્વયે ઈન્ફર્મેશન ટેકનોલોજી કાર્યક્રમના અમલીકરણના ભાગરૂપે તમામ વિભાગો અને ખાતાના વડાઓની કચેરીઓ માટે કાર્યો નિર્ધારીત કરવા જણાવેલ હતું. જેમાં સચિવાલયના તમામ વિભાગો અને ખાતાના વડાઓની કચેરીઓને આઈ.ટી.કમિટીની રચના કરવા સૂચના આપેલ હતી.

ઉક્ત ઠરાવના અનુસંધાને વંચાણે લીધા ક્રમ(૨) ના તા.૧૧-૪-૨૦૦૭ના ઠરાવથી વિભાગની આઇ.ટી. કમિટીની રચના કરવામાં આવેલ હતી. તેમજ વંચાણે લીધા ક્રમ(૪)ના કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી (આઈસીડીએસ)ના તા.૧૮-૨-૨૦૧૫ના કચેરી હુકમથી આઇ.ટી.કમિટીની રચના કરવામાં આવેલ હતી.

વંચાણે લીધા ક્રમ(૩)ના વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગના તા.૧૮-૫-૨૦૧૨ના ઠરાવથી ગુજરાત ઈન્ફર્મેટીકસ લીમીટેડ (જી.આઈ.એલ.)ને આઈ.ટી.ના હાર્ડવેર/સોફ્ટવેર તેમજ આઈ.ટી. ઉપરકરણની ખરીદી કરવા માટે કેન્દ્રીય ખરીદ સંસ્થા તરીકે જાહેર કરવામાં આવેલ. તેમજ સરકાર માન્ય એજન્સી જેમ કે, જી.આઈ.એલ., એન.આઈ.સી., ઈન્ડેક્ષ-ટી.બી. અને જી.આઈ.પી.એલ.ને કન્સલ્ટન્ટ તરીકે કામગીરી કરવા અધિકૃત કરવામાં આવેલ.

ઈન્ફર્મેશન ટેકનોલોજી કાર્યક્રમના અમલીકરણના ભાગરૂપે વિભાગ તેમજ ખાતાના વડાની કચેરીઓની એક સંયુકત (સંકલિત) આઈ.ટી.સમિતિની રચના કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

(પાછળ)

ઠરાવઃ-

પુખ્ત વિચારણાના અંતે વંચાણે લીધા ક્રમ(૨) ઉપરનો વિભાગ (ખુદ)નો તા.૧૧-૪-૨૦૦૭નો ઠરાવ ક્રમાંકઃ આઈટીપી-૧૦૨૦૦૩-કમીટી-ક તથા વંચાણે લીધા ક્રમ(૪)નો કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી (આઈસીડીએસ), ગાંધીનગરનો તા.૧૮-૨-૨૦૧૫નો કચેરી હુકમથી આથી રદ કરવામાં આવે છે.

વિભાગ (ખુદ) તેમજ વિભાગ હેઠળના ખાતાના વડાઓની કચેરીઓમાં આઈ.ટી. તથા તેને સંબંધિત તમામ યોજનાઓના અમલીકરણ માટે નીચે મુજબની સંયુકત આઈ.ટી.સમિતિની રચના કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧ | સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ | અદયક્ષશ્રી |
| ૨ | નાયબ સચિવ (મહેકમ) અને સી.આઈ.ઓ. મહિલા અને બાળ વિકાસ વિભાગ | સભ્ય સચિવશ્રી |
| ૩ | નાણાકીય સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ | સભ્યશ્રી |
| ૪ | નિયામકશ્રી (આઇસીડીએસ), કમિ.શ્રી, મ અને બા.વિ.ની કચેરી | સભ્યશ્રી |
| ૫ | અધિક કમિશ્નરશ્રી (મહીલાવીંગ) કમિ.શ્રી, મ અને બા.વિ.ની કચેરી | સભ્યશ્રી |
| ૬ | નિયામકશ્રી, જેન્ડર રિસોર્સ સેન્ટર | સભ્યશ્રી |
| ૭ | જનરલ મેનેજરશ્રી, ગુજરાત રાજ્ય મહિલા આર્થિક વિકાસ નિગમ લિ. | સભ્યશ્રી |
| ૮ | સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજય મહિલા આયોગ | સભ્યશ્રી |
| ૯ | સચિવશ્રી,ગુજરાત રાજય સમાજકલ્યાણ બોર્ડ | સભ્યશ્રી |
| ૧૦ | વિજ્ઞાન અને પ્રાધોગિકી વિભાગના પ્રતિનિધી (નાયબ સચિવશ્રી) | સભ્યશ્રી |
| ૧૧ | ગુજરાત ઇન્ફર્મેટીક લિ.ના પ્રતિનિધી (ડેપ્યુટી જનરલ મેનેજરશ્રી) | સભ્યશ્રી |
| ૧૨ | જી.આઈ.એલ. દ્વારા મ. અને બા.વિ.વિ. વિભાગ ખાતે ફાળવેલ સિસ્ટમ મેનેજર (વિભાગના ટેકનિકલ પ્રતિનિધિ તરીકે) | સભ્યશ્રી |

આઈ.ટી.ના હાર્ડવેર/સોફ્ટવેર તેમજ આઈ.ટી. ઉપરકરણની ખરીદી કરવા તથા તેને આનુષાંગિક કામગીરી માટે અંદાજિત રકમ એક કરોડ રૂપિયાથી વધારે હોય તો તે કિસ્સામાં ઉપર દર્શાવેલ સમિતિ સાથે નીચે મુજબના અધિકારીશ્રીઓનો સભ્ય તરીકે સમાવેશ કરવાનો રહેશે.

| | | |
|---|---|---|
| ૧૩ | સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રાધોગિકી વિભાગ | સભ્યશ્રી |
| ૧૪ | સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ | સભ્યશ્રી |
| ૧૫ | ચેરમેન / મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત ઇન્ફર્મેટીક લિ. (જી.આઈ.એલ.) | સભ્યશ્રી |

વિભાગની સંયુક્ત સમિતિએ નીચે મુજબની કામગીરી કરવાની રહેશે.

- આ સમિતિની બેઠક દર માસે યોજવાની રહેશે, જેમાં થયેલ પ્રગતિની સમીક્ષા અને નવી દરખાસ્તની ચર્ચા/મંજૂરી મેળવવાની રહેશે.

C:\Users\admin\Desktop\I T CMMEETI\Draft.docx

- વિભાગ હેઠળના ખાતાના વડાઓએ તેમની આઈ.ટી.ની ખરીદી અથવા આઈ.ટી.ની કોઈપણ પ્રકારની કામગીરી કરવા માટે, અંદાજીત રકમ તેમજ કામગીરીને લગતા આનુષાંગિક કાગળો સહિત વિગતવાર દરખાસ્ત નાયબ સચિવશ્રી / સી.આઈ.ઓ., મહિલા અને બાળ વિકાસ વિભાગને મોકલી આપવાની રહેશે.
- વિભાગ હેઠળના ખાતાના વડાની કચેરીઓએ આઈ.ટી.ને સંલગ્ન બીજી કોઈ સમિતિની રચના કરવાની રહેશે નહિ.
- કોમ્પ્યુટર-હાર્ડવેર અને તેને સંબંધિત અન્ય ઉપકરણો, સોફ્ટવેર ખરીદ કરવાની તેમજ બનાવવાની કામગીરી, ઈન્ટરનેટ / નેટવર્કિંગ, માન્ય એજન્સીની કન્સલ્ટન્ટ તરીકે નિમણૂંક અને કોઈપણ આઈ.ટી. પ્રોજેક્ટ માટે આઈ.ટી. નિષ્ણાંતની સેવાઓ લેવી, ડેટા એન્ટ્રીની કામગીરી સોંપવા અંગેની કામગીરી તેમજ કચેરીની ઓટોમેશનની / કોમ્પ્યુટરાઈઝેશન વગેરે બાબતો આ સમિતિમાં આવરી લેવાની રહેશે.
- રૂ.૪૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાલીસ હજાર પુરા) સુધીની આઈ.ટી.ને લગતી કામગીરી / ખરીદી કરવાની સત્તા વિભાગ હેઠળના ખાતાના વડાની રહેશે, જેથી આવી કરેલ ખરીદીનો એજન્ડા આઈ.ટી. સમિતિની બેઠકમાં મૂકવાનો રહેશે નહિ.
- વિભાગ / ખાતાના વડાની કચેરીઓમાં આઈ.ટી.ને લગતી કામગીરી / ખરીદી કરવાની તાત્કાલિક જરૂરીયાત ઉપસ્થિત થાય, તેવા અગત્યના કિસ્સાઓમાં રૂ.૪૦,૦૦૦/ (અંકે રૂપિયા ચાલીસ હજાર પુરા) થી રૂ.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પુરા)સુધીની મર્યાદામાં, વિભાગ / ખાતાના વડાની કચેરીએ, સચિવશ્રી (મબાવિ)ની મંજૂરી મેળવી ખરીદી / કામગીરી કરવાની રહેશે અને ત્યારબાદ મળનાર આઈ.ટી.સમિતિની બેઠકમાં આ કરેલ ખરીદી / કામગીરીની મંજૂરી મેળવવાની રહેશે.
- વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગના તા.૨૩-૦૨-૨૦૧૧ અને તા.૧૮-૦૫-૨૦૧૨ના ઠરાવો મુજબ અંદાજીત એક કરોડથી વધારે રકમની આઈ.ટી. સંબંધિત ખરીદી અથવા યોજનાના અમલીકરણ માટે ઉપર મુજબ દર્શાવેલ એક કરોડથી ઉપરની ખરીદી માટેની બનાવેલ સમિતિની મંજૂરી, ઉપરાંત એસ.પી.સી.(આઈ.ટી)ની મંજૂરી લેવાની રહેશે. જે માટે વિભાગે એસ.પી.સી.(આઈ.ટી)ની મંજૂરી મેળવવા માટે વિજ્ઞાન અને પ્રાધોગિકી વિભાગ ને દરખાસ્ત કરવાની રહેશે.
- વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગના તા.૨૨-૧૧-૨૦૧૬ના ઠરાવ મુજબ અંદાજીત પાંચ કરોડથી વધારે રકમની આઈ.ટી. સંબંધિત ખરીદી અથવા યોજનાના અમલીકરણ માટે ઠરાવમાં દર્શાવેલ માન્ય એજન્સી (વિભાગ દ્વારા જે એજન્સીને કામગીરી સોંપવામાં આવેલ હોય તે એજન્સી)ને સ્ટેટ ઈ-ગવર્નેન્સ મિશનનો પરામર્શ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી (મબાવિ)ની તા.૦૪/૦૫/૨૦૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(રાહુલ છત્રપતિ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

(પાછળ)

C:\Users\admin\Desktop\I T CMMEETI\Draft.docx

प्रति,

નાયબ સચિવ (મહેકમ) અને સી.આઈ.ઓ., મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નાણાકીય સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નિયામકશ્રી (આઇસીડીએસ), કમિ.શ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

અધિક કમિશ્નરશ્રી (મહીલાવીંગ), કમિ.શ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નિયામકશ્રી, જેન્ડર રિસોર્સ સેન્ટર, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ.

જનરલ મેનેજરશ્રી, ગુજરાત રાજય મહિલા આર્થિક વિકાસ નિગમ લિ., ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજય મહિલા આયોગ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

સચિવશ્રી, ગુજરાત રાજય સમાજ કલ્યાણ બોર્ડ, ૨૧ અશોકનગર સોસાયટી, પાલડી ભઠ્ઠા પાસે, અમદાવાદ.

નાયબ સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રાધોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

ડેપ્યુટી જનરલ મેનેજરશ્રી, ગુજરાત ઇન્ફર્મેટીક લિ., ઉદ્યોગભવન, ગાંધીનગર.

સિસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાના:-

માન. મંત્રીશ્રી મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદશીશશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માન. રા.ક.મંત્રીશ્રી મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદશીશશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રીના અગ્રરહસ્ય સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રાધોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

ચેરમેન / મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત ઇન્ફર્મેટીક લિ.(જી.આઈ.એલ.), બ્લોક નં.૧/૮, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

મેનેજીંગ ડિરેકટરશ્રી, ઈન્ડેક્ષ-બી, બ્લોક નં.૧૮/૨, ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

સી.ઈ.ઓ., ગુજ. ઇન્ફો પેટ્રો લિ., બ્લોક નં.૧૫/૨, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.

ડી.ડી.જી./એસ.આઈ.ઓ., નેશનલ ઈન્ફોર્મેટીક્સ સેન્ટર, બ્લોક નં.૧૩/૨, સચિવાલય, ગાંધીનગર.

વિભાગના તમામ અધિકારીશ્રીઓ / તમામ શાખાઓ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સિલેકટ ફાઇલ / ના.સે.અ. સિલેકટ ફાઇલ.